‘ખેલ અભિરૂચિ કસોટી’ (SAT)

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્ર.:પીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક(પાર્ટ)**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૦૧/૧૧/૨૦૨૩**

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૦-૦૭-૨૦૨૩નો ઠરાવ ક્ર.: પીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક

(૨) શિક્ષણ વિભાગનો સમાન ક્રમાંકનો તારીખ ૧૦-૦૭-૨૦૨૩નો ઠરાવ

(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૦૪/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્ર.: પીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક

(૪) રાજ્ય પરીક્ષા બોર્ડનો તા.૧૯/૦૮/૨૦૨૩નો પત્ર ક્ર.: રાપબો/SAT/૨૦૨૩/111261-63

**સુધારા ઠરાવ :**

શિક્ષણ વિભાગના તારીખ:૧૦-૦૭-૨૦૨૩ના વંચાણે લીધેલ ક્રમ-(૧) મુજબના ઠરાવથી ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં ‘ખેલ સહાયક’ યોજના દાખલ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ-(૨) મુજબના ઠરાવથી ‘ખેલ સહાયક’ માટે ‘ખેલ અભિરૂચિ કસોટી’(SAT) નું માળખું જાહેર કરવામાં આવેલ છે. તથા આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩) મુજબના ઠરાવથી ‘ખેલ અભિરૂચિ કસોટી’ (SAT) આપવા માટેની વયમર્યાદામાં સુધારો કરવામાં આવેલ છે.

ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના પત્રથી ઉક્ત ‘ખેલ અભિરૂચિ કસોટી’ (SAT) આપવા માટેની શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદામાં સુધારો કરવા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે દરખાસ્ત આ વિભાગની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમ-(૧)ના ઠરાવથી નિયત થયેલ “ખેલ સહાયક(SAT) પરીક્ષા આપવાની લાયકાત”માં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાત | માન્ય યુનિવર્સીટીના કોઇ પણ વિદ્યાશાખાના સ્નાતક અને C.P.Ed/ D.P.Ed/ B.P.Ed./ B.A. in Yoga/ B.Sc in Yoga અથવા B.P.E. | માન્ય યુનિવર્સીટીના કોઇ પણ વિદ્યાશાખાના સ્નાતક અને C.P.Ed/ D.P.Ed/ B.P.Ed./B.A. in Yoga/ B.Sc in Yoga/માસ્ટર ઓફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ (M.Y.A.Sc.બે વર્ષ) અથવા B.P.E. |

આ હૂકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૩૦/૧૦/૨૦૨૩ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ  અન્વયે બહાર પાડવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમ-(૧) તથા ક્રમ (૨)મુજબના ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુકત સચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકિનકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શિક્ષણાધિકારીશ્રીઓ } નિયામકશ્રી, પ્રાથમિક
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા અને નગરપાલિકા } શિક્ષણની કચેરી મારફત
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઠરાવ ઓન લાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી, ક-૧, ચ-શાખા, ન-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૩